# ગુજરાત જાહેર સેવા આયોગ

સરકારી **ઇજનેરી કોલેજો ખાતે** જુદા જુદા વિષયોના પ્રાધ્યાપક, ગુજરાત શિક્ષણ સેવા, (કોલેજ શાખા) વર્ગ-૧ની નીચે દર્શાવેલ જગ્યાઓ માટે ઉમેદવારો પસંદ કરવા માટે Online અરજીઓ તા:૨૩/૦૯/૨૦૧૫,૧૩.૦૦ કલાકથી તા:૦૮/૧૦/૨૦૧૫,૧૩.૦૦ કલાક સુધીમાં મંગાવવામાં આવે છે.

| જા.ક્ર. | વિદ્યાશાખા | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | સંલગ્ન વિદ્યાશાખા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય | અનુ જાતિ | અનુ જન જાતિ | સા. શૈ. પ. વર્ગ | સામાન્ય | અનુ જાતિ | અનુ જન જાતિ | સા. શૈ. પ. વર્ગ | |
| ૪૯ | પ્લાસ્ટીક એન્જીનીયરીંગ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | સ્નાતક કક્ષાએ સંલગ્ન વિદ્યાશાખનો લાભ મળવાપાત્ર નથી અને અનુસ્નાતક કક્ષાએ સંલગ્ન વિદ્યાશાખાની યાદી ઓનલાઇન અરજી કરવાના પ્રોગ્રામમાં દર્શાવેલ છે. |
| ૫૦ | રબર ટેકેનોલોજી એન્જીનીયરીંગ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | |
| ૫૧ | પ્રોડકશન એન્જીનીયરીંગ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | |
| ૫૨ | ઇન્ડસ્ટ્રીયલ એન્જીનીયરીંગ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | |
| ૫૩ | ટેક્ષટાઇલ એન્જીનીયરીંગ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | |
| ૫૪ | કેમીકલ એન્જીનીયરીંગ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | |
| ૫૫ | ઇ.સી. એન્જીનીયરીંગ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | |
| | કુલ | ૦૭ | ૦૭ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | |

<u>નોંધ:</u> (૧) સરકારી **ઇજનેરી કોલેજોની** ઉપર દર્શાવેલ કુલ ૦૭ જગ્યાઓ પૈકી એક પણ જગ્યા શારીરિક રીતે અશક્ત ઉમેદવારો માટે અને માજી સૈનિકો માટે અનામત નથી. (૨) પ્લાસ્ટીક એન્જીનીયરીંગ, રબર ટેકેનોલોજી, પ્રોડકશન એન્જીનીયરીંગ, ટેક્ષટાઇલ એન્જીનીયરીંગ, કેમીકલ એન્જીનીયરીંગની જગ્યાઓ માટે OA, OL અને HH ( ૪૦% કે તેથી વધુ અને ૧૦૦% સુધી) અશક્તતા ધરાવતા ઉમેદવારો અરજી કરી શકશે, જ્યારે ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન એન્જીનીયરીંગ માટે OA, OL, BL, B અને LV અને HH (૪૦% કે તેથી વધુ અને ૧૦૦% સુધી) અશક્તતા ધરાવતા ઉમેદવારો અરજી કરી શકશે અને ઇન્ડસ્ટ્રીયલ એન્જીનીયરીંગ માટે OA અને OLની અશક્તતા ધરાવતા ઉમેદવારો અરજી કરી શકશે આ સિવાયની અન્ય પ્રકારની અશક્તતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર નથી.

(૨) અનામત કક્ષાના ઉમેદવારો બિન-અનામત જગ્યા સામે અરજી કરી શકશે. પરંતુ અરજી કરવા માટેની લાયકાતના તથા પસંદગીના ધોરણો બિનઅનામતના લાગુ પડશે.

**<u>જરૂરી શૈક્ષણિક લાયકાત અને અનુભવ.</u>**: જા. ક્ર. ૪૯/૨૦૧૫-૧૬ થી ૫૫/૨૦૧૫-૧૬

1. (A) Possess a Ph. D. in Engineering or Technology with Bachelor’s and Master’s Degree in relevant branch in Engineering or Technology with first class or equivalent grade point either at Bachelor or Master level obtained from any of the universities established or incorporated under the Central or a State Act, in India, or any other educational institution recognized by the Government or declared to be deemed as University under section 3 of the University Grant Commission Act, 1956; or possess an equivalent qualification recognized as such by the Government; and

(B) (i) have at least ten years combined or separate experience in the field of teaching or industry or research out of which at least five years should be at the level of Associate Professor, before or after acquiring Ph. D. degree, or

(ii) have at least thirteen years combined or separate experience in the field of teaching or industry or research before or after acquiring Ph. D. degree.

2. Possess the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967 and

3. Possess adequate knowledge of Gujarati or Hindi or both.

**<u>Explanation:-</u>**

(i) In case of research experience, good academic record and books/research paper publication/Intellectual Property Rights (IPR)/patent record as the commission may deem fit shall be required, to be submitted to the Gujarat Public Service Commission.

(ii) In case the experience in industry is considered, the same shall be at managerial level which can be considered equivalent to the post of Associate Professor with active participation record in devising, quality control, innovating, training, technical books/ research paper publications / Intellectual Property Rights (IPR)/patent, etc. as deem fit by the Gujarat Public Service Commission.

(iii) Equivalence for Ph. D. is based on publication of five international Journal papers, each Journal having a cumulative impact index of not less than 2.0, with incumbent as the main author and all five publications being in the author’s area of specialization.

**નોંધ: સંબંધિત ઉમેદવારોએ અરજી સાથે સંબંધિત જર્નલના “Cumulative Impact Index”ના આધાર પુરાવા રજૂ કરવાના રહેશે.**

(iv) “Relevant branch” shall be such as specified by the Government.

(v) If a class or division is not awarded, minimum aggregate 60% marks shall be considered equivalent to first class or division.

(vi) If a grade point system is adopted the Cumulative Grade Point Average (CGPA) shall be converted in equivalent marks as below:-

| Grade Point | Equivalent Percentage |
|---|---|
| 6.25 | 55% |
| 6.75 | 60% |
| 7.25 | 65% |
| 7.75 | 70% |
| 8.25 | 75% |

નોંધ :

(૧) જો સંબંધિત વિદ્યાશાખાની લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ નહીં થાય તો જ સંલગ્ન વિદ્યાશાખાની લાયકાત ધરાવતા ઉમેદવારોની અરજીઓ વિચારણામાં લેવામાં આવશે

(૨) સંબંધિત વિદ્યાશાખાની લાયકાત ધરાવતા ઉમેદવારોમાંથી જગ્યાના સંદર્ભમાં આશરે ત્રણ ગણા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવશે. જો આશરે ત્રણ ગણા ઉમેદવારો સંબંધિત વિદ્યાશાખામાં મળશે તો, સંલગ્ન વિદ્યાશાખાની અરજીઓ વિચારણામાં લેવામાં આવશે નહિ. જો સંબંધિત વિદ્યાશાખાના આશરે ત્રણ ગણા ઉમેદવારો રૂબરૂ મુલાકાત માટે પાત્ર નહી થાય તો ખૂટતા ઉમેદવારો માટે સંલગ્ન વિદ્યાશાખાની લાયકાત ધરાવતા ઉમેદવારોની અરજી વિચારણામાં લેવામાં આવશે અને આ સંખ્યા નક્કી કરવા માટે સંલગ્ન વિદ્યાશાખાના ઉમેદવારો માટે નીચેના ધોરણો અનુસરવામાં આવશે. (ક) સૌપ્રથમ પી. એચ. ડી. અને એમ. ઈ. (પ્રથમ વર્ગ ડિસ્ટીંકશન સાથે) અને ત્યારબાદ પી.એચ.ડી અને એમ. ઈ. (પ્રથમ વર્ગ)ની લાયકાત ધ્યાનમાં લેવાશે. આ માટે ઉમેદવારોની સંખ્યા મર્યાદિત કરવા માટે તેમની લાયકાત – મેળવેલ ટકાવારી / ગુણ ધ્યાને લેવાશે. (ખ) બીજા તબક્કામાં એમ. ઈ.ની લાયકાતમાં ઉમેદવારે મેળવેલ ટકાવારી / ગુણ ધ્યાને લેવાશે. અને (ગ) ત્રીજા તબક્કામાં બી. ઈ.ની લાયકાતમાં ઉમેદવારે મેળવેલ ટકાવારી / ગુણ ધ્યાને લેવાશે.

(૩) જો જગ્યાના સંદર્ભમાં આશરે ત્રણ ગણાથી વધારે ઉમેદવાર સંબંધિત વિદ્યાશાખામાં રૂબરૂ મુલાકાતને પાત્ર થશે તો ઉપરના ધોરણે સંખ્યા મર્યાદિત કરવામાં આવશે અથવા પ્રાથમિક કસોટી યોજવામાં આવશે. તેમાં સંલગ્ન વિદ્યાશાખાની અરજીઓ વિચારણામાં લેવામાં આવશે નહીં. પ્રાથમિક કસોટીનો અભ્યાસક્રમ અનુસ્નાતક કક્ષાએ શીખવવામાં આવતા અભ્યાસક્રમ મુજબનો રહેશે.

(૪) વિદેશની યુનિવર્સિટીની શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોએ તેઓની પદવીની માન્યતા તથા સમકક્ષતા અંગે જરૂરી પુરાવા રજૂ કરવાના રહેશે.

(૫) જે યુનિ. દ્વારા ટકાવારી આપવામાં આવતી નથી તેવા ઉમેદવારોએ ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા / આધાર અરજી સાથે રજૂ કરવાના રહેશે.

**(૬) પગાર : રૂ. ૩૭,૪૦૦ – ૬૭,૦૦૦ જીપી રૂ. ૧૦,૦૦૦/-**

**(૭) ઉંમર:** ૪૭ વર્ષથી વધુ નહીં. ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખની સ્થિતિએ ગણવામાં આવશે.

**નોંધ**: સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર ઉપલી વયમર્યાદામાં નીચે મુજબ છૂટછાટ મળવાપાત્ર થશે.

| | | |
|---|---|---|
| ૧ | ગુજરાત સરકારના કર્મચારીઓ કે જેઓ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસ સુધી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂંક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં. |

<u>**(૮) અરજી ફી:** (i)</u> સામાન્ય કેટેગરીના ઉમેદવારે ભરવાની ફી રૂ.૧૦૦/- + પૉસ્ટલ સર્વિસ ચાર્જ ભરવાના રહેશે. (ii) અનામત કક્ષાના તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ અરજી ફી ભરવાની નથી.

(ડી. બી. શાહ)
સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

**GUJARAT PUBLIC SERVICE COMMISSION**

**On Line applications are invited for the posts of Professors in the Government Engineering Colleges, in Gujarat Education Service, Class-1, (Collegiate Branch) between dates: 23/09/2015, 13.00 Hrs. to date: 08/10/2015 13.00 Hrs.**

**Total 07 Posts as mentioned below:**

| Advt No. | Name of branch | Total Posts | Category wise Posts | | | | Posts Reserved for women candidates out of Category wise Posts | | | | Corresponding Branch |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | Gen. | S. C. | S. T. | S. E. B. C. | Gen. | S. C. | S. T. | S. E. B. C. | |
| 49 | Plastic Engineering | 01 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | Benefit of corresponding Branches at Graduate level is not permitted and list of corresponding Branches for Post Graduate level is displayed in online application programme. |
| 50 | Rubber Technology | 01 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | |
| 51 | Production Engineering | 01 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | |
| 52 | Industrial Engineering | 01 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | |
| 53 | Textile Engineering | 01 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | |
| 54 | Chemical Engineering | 01 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | |
| 55 | Electronics & Communication Engineering | 01 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | |
| | Total | 07 | 07 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | |

Note:

(1) No posts are reserved for Physically Disabled Candidates and Ex-service men. Candidates having disability of OA, OL and HH (More than 40% and up to 100%) can apply for the posts of Plastic Engineering, Rubber Engineering, Production Engineering, Textile Engineering, and Chemical Engineering. Whereas candidates having disability of OA, OL, BL, B and LV and HH (More than 40% and up to 100%) can apply for the posts of Electronics and Communication Engineering and candidates having disability of OA and OL can apply for the post of Industrial Engineering. The candidates having other types of disabilities cannot apply for these posts.

(2) Candidates belonging to reserved categories are free to apply against general category posts. In that case the all criteria will be applicable as per General category.

**Educational Qualification & Experience:-** Advt. No. 49/2015-16 to 55/2015-16.

1. (A) Possess a Ph. D. in Engineering or Technology with Bachelor's and Master's Degree in relevant branch in Engineering or Technology with first class or equivalent grade point either at Bachelor or Master level obtained from any of the universities established or incorporated under the Central or a State Act, in India, or any other educational institution recognized by the Government or declared to be deemed as University under section 3 of the University Grant Commission Act, 1956; or possess an equivalent qualification recognized as such by the Government; and

(B)(i) have at least ten years combined or separate experience in the field of teaching or industry or research out of which at least five years should be at the level of Associate Professor, before or after acquiring Ph. D. degree, or

(ii) have at least thirteen years combined or separate experience in the field of teaching or industry or research before or after acquiring Ph. D. degree.

2. Possess the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967.
3. Possess adequate knowledge of Gujarati or Hindi or both.

**Explanation:-**

(i) In case of research experience, good academic record and books/research paper publication/Intellectual Property Rights (IPR)/patent record as the commission may deem fit shall be required, to be submitted to the Gujarat Public Service Commission.

(ii) In case the experience in industry is considered, the same shall be at managerial level which can be considered equivalent to the post of Associate Professor with active participation record in devising, quality control, innovating, training, technical books/ research paper publications / Intellectual Property Rights (IPR)/patent, etc. as deem fit by the Gujarat Public Service Commission.

(iii) Equivalence for Ph. D. is based on publication of five international Journal papers, each Journal having a cumulative impact index of not less than 2.0, with incumbent as the main author and all five publications being in the author's area of specialization.

Note: The candidates shall have to submit necessary proof / documents of "Cumulative Impact Index" of concerned journal.

(iv) "Relevant branch" shall be such as specified by the Government.

(v) If a class or division is not awarded, minimum aggregate 60% marks shall be considered equivalent to first class or division.

(vi) If a grade point system is adopted the Cumulative Grade Point Average (CGPA) shall be converted in equivalent marks as below :-

| Grade Point | Equivalent Percentage |
|---|---|
| 6.25 | 55% |
| 6.75 | 60% |
| 7.25 | 65% |
| 7.75 | 70% |
| 8.25 | 75% |

Note:

(1) The applications of the candidates having qualification in related branch shall be considered only when sufficient numbers of candidates having qualification in respective branch are not available.

(2) The number of candidates to be called for personal interview will be three times of the advertised posts from the respective branch. If adequate candidates are available in respective branch, the applications of candidates of related branch shall not be considered. If adequate candidates will not available for personal interview, then gap will be filled by the candidates from related branch. To fill this gap the following criteria will be applied to the candidates from related branch.

(A) Firstly Ph. D. and M. E. (First class with Distinction) & thereafter Ph.D and M.E. (First Class) will be considered. To restrict number percentage/marks obtained will be considered. (B) In second stage percentage/marks obtained at M. E. level and (C) In third stage percentage/marks obtained at B. E. level will be taken into consideration.

(3) If adequate candidates will be eligible from respective branch for personal interview then the above mentioned formula will be applied to restrict the number of candidates or primary test will be conducted. In such case applications of candidates of related branch will not be considered.The syllabus for preliminary (screening) test will be of post graduate level syllabus.

(4) The candidates having qualifications from foreign university will have to produce proof for recognition and equivalency of their degree.

(5) The candidates from university which do not show percentage in mark sheet will have to produce formula/supportive documents for calculation of percentage.

(6) Pay scale: 37,400/- to 67,000/- GP 10,000/-

(7) Age limit: Not be more than 47 years of age
Age will be calculated as on last date of application

**Note: -** As per prevailing rules of Government relaxation in upper age limit will be as under:-

| | | |
|---|---|---|
| 1. | Gujarat Government Servants who are serving on permanent basis or a temporary basis for period of six months in Government service and whose first appointment is within age limit of the post mentioned in the advertisement. | Upper Age limit will not be applicable. |

(8) Application Fee: (i) Rs.100/- is to be paid as application Fee by General category candidates. (ii) Candidates belong to Reserved category and candidate who is physically disable have not to pay Application Fee.

(D. B. Shah)
Joint Secretary
Gujarat Public Service Commission

## જાહેરાતની સામાન્ય જોગવાઈઓ

### ૧. નાગરિકત્વ:-

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ, અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન, (બાંગ્લાદેશ) બર્મા (મ્યાન માર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા, જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટા ક્રમાંક (ખ), (ગ), (ઘ) અને (ચ)માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

**નોંધ:-** જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજી પત્રક આયોગ વિચારણામાં લેશે. અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

### ૨. ભરેલા અરજી પત્રક:-

(૧) ઓનલાઇન જાહેરાત માટે અરજી કન્ફર્મ કરીને ઉમેદવારે પોસ્ટ ઓફિસમાં આયોગની ફી રૂ. ૧૦૦/- + પૉસ્ટલ સર્વિસ ચાર્જની રકમ જમા કરાવવાની રહેશે. કન્ફર્મ થયેલ અરજીપત્રકની નકલ તથા પ્રમાણપત્રો આયોગમાં તા:૧૭/૧૦/૨૦૧૫ સુધીમાં રૂબરૂમાં અથવા આર. પી. એ. ડી. થી જમા કરાવવાના રહેશે.

(૨) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે.

(૩) અનામત કક્ષાના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરે તો અરજી ફી ભરવાની રહેશે નહી.

(૪) અરજી ફી વગરની અગ્રિમ નકલ વિચારણામાં લેવામાં આવશે નહી.

(૫) એક જાહેરાત માટે એક જ અરજી કરી શકાશે. એક જાહેરાત માટે એક થી વધુ અરજી કરેલ હશે તો ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૬) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યા ઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેને બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૭) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યા ઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૮) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા. ત. કુલ ૧૦ જગ્યા ઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૯) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરુષ ઉમેદવારોની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાનાં થશે અને કોઇ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારો ને ધ્યાનમાં લેવામાં આવશે. (દા. ત. કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

## ૩. જન્મ તારીખ:-

(૧) આયોગ જન્મ તારીખના પુરાવા માટે એસ. એસ. સી બોર્ડ દ્વારા અપાયેલ એસ. એસ. સી. ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારી એ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટ પણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ........... છે. જે એસ. એસ. સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પૂરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસ હર્તા(credibility)ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

(૪) વયમર્યાદા :-

**(૧) ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.**

(૨) જાહેરાતમાં ઉપલી વયમર્યાદા આપવામાં આવેલ છે, તેમાં નીચે મુજબ ની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | ગુજરાત સરકારના કર્મચારીઓ કે જેઓ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસ સુધી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂંક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વયમર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહીં (૨)જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય પરંતુ ઇજનેરી,તબીબી,ખેતી વિષયક,પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂંક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા(Any such post)માટે ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહીં.(૩)જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા વધુમાં વધુ પાંચ વર્ષની છૂટછાટ તે બે પૈકી જે ઓછું હોય તેટલી છૂટછાટ મળશે. |

૫. શૈક્ષણિક લાયકાત:-

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી / સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી / સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો / સેમેસ્ટર) અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. શાળા / કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો / અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

૬. અનુભવ:-

(૧) માંગેલ અનુભવ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) (અ) જાહેરાતમાં અન્યથા જોગવાઇ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી, (બ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.

(૩) ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો

(દિવસ, માસ, વર્ષ), મૂળ પગાર અને કુલ પગારની વિગતો તથા બજાવેલ ફરજોનો પ્રકાર / મેળવેલ અનુભવની વિગતો સાથેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર સંસ્થાના લેટરપેડ પર સક્ષમ સત્તાધિકારીની સહી અને તારીખ સાથેનું રજુ કરવાનું રહેશે.

(૪) ઉમેદવારે રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રમાં પાછળથી કોઇ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. અરજી કર્યા પછી અનુભવના પ્રમાણપત્રો સ્વીકારવામાં આવશે નહીં.

(૫) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહીં.

## ૭. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ:-

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજી પત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજી પત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજી પત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જો તેઓનો સમાવેશ “ઉન્નત વર્ગમાં” નહી થતો હોય તો જ અનામતનો લાભ મળવા પાત્ર થશે.

(૬) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ “ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું” સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૬-૦૨-૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ (ક) (ગુજરાતીમાં)ના નમુનામાં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર ત્રણ નાણાંકીય વર્ષ દરમ્યાન મેળવેલ હોવું જોઈએ. જેમાં જાહેરાત પ્રસિધ્ધ થયેલ હોય તે નાણાંકીય વર્ષનો પણ સમાવેશ થયેલ હોવો જોઈએ. ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર માતા-પિતાની આવકના સંદર્ભમાં આપવામાં આવતું હોવાથી આ પ્રમાણપત્ર અરજી સાથે રજૂ કરતી વખતે ઉમેદવારના માતા-પિતાની આવકમાં ફેરફાર થતો હોય તો ઉમેદવારે/ અરજદારે સ્વયં આવા વધારા-ઘટાડાની પ્રામાણિક જાહેરાત પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારી સમક્ષા કરવાની રહેશે. આ રીતે સક્ષમ અધિકારીને જાણ કર્યા બાદ સક્ષમ અધિકારીએ જે નિર્ણય લીધેલ હોય તેની જાણ અત્રેની કચેરીને પણ કરવાની રહેશે. જે ઉમેદવાર /અરજદાર આવી સ્વૈચ્છિક જાહેરાત ન કરીને આવકમાં વધારો છૂપાવશે તો તેને મળેલો લાભ રદ કરવાપાત્ર ઠરશે અને આયોગ દ્વારા કરવામાં આવતી કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે. પરિણીત મહિલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના

સંદર્ભમાં રજુ કરવાનું રહેશે, જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે. અરજી સાથે 'પરિશિષ્ટ (ક)'ના બદલે 'એનેક્ષર-A' (અંગ્રેજીમાં)રજુ કરેલ હશે તો પણ અરજી રદ કરવામાં આવશે. કેમ કે 'Annexure-A' ભારત સરકાર હેઠળની નોકરી માટેનું છે. જો ઉમેદવારે આ પ્રમાણપત્ર (પરિશિષ્ટ (ક) અરજી સાથે રજુ કરેલ નહીં હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને બિન અનામત જગ્યા માટે પણ વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૭) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત્ વય મર્યાદા, અનુભવની લાયકાત, બિન અનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્રમાં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિન અનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાનાં થાય છે.

(૮) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

## ૮ માજી સૈનિક:-

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજી પત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજી પત્રક સાથે અચૂક મોકલવાની રહેશે.

## ૯ શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો:-

(ક) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ અરજી પત્રકમાં વિગતો આપવાની રહેશે.

(ખ) શારીરિક અશક્તતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ શારીરિક અશક્તતાનો લાભ મળવા પાત્ર રહેશે. શારીરિક અશક્તતાનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે (૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ(૨) શ્રવણની ખામી (૩) હલનચલન અશક્તતા અથવા મગજનો લકવો તે પૈકીની) કઇ શારીરિક અશક્તતા છે તે દર્શાવવું.

(ગ) જાહેરાતમાં શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારે તેના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨થી નિયત થયેલ નમુનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ/ સિવિલ સર્જન/ મેડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક મોકલવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ સામેલ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં, શારીરિક અશક્તતા ઉમેદવાર તરીકેનો લાભ મળવા પાત્ર થશે નહીં.

**૧૦. મહિલા ઉમેદવાર:-**

મહિલાઓની અનામત જગ્યા ઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તેની જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

| |
|---|
| જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ, માજી સૈનિક, શારીરિક અશક્તતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવા પાત્ર હશે તે મળશે. |

**૧૧. વિધવા ઉમેદવાર:-**

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કૉલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું.
(૨) વિધવા ઉમેદવારે જો પુન: લગ્ન કરેલ હોય તો અરજી પત્રકમાં તે કૉલમ સામે "હા" અચૂક લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું.
(૩) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો અરજી સાથે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજુ કરવાની રહેશે.
(૪) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

**૧૨. ના વાંધા પ્રમાણપત્ર:-**

(૧) ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખ થી દિન-૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.
(૨) કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઇપણ રાજ્ય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે ખાતા મારફત અરજી મોકલવાની રહેશે અથવા આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ "ના વાંધા પ્રમાણપત્ર" રજુ કરવાનું રહેશે.

**૧૩. ગેરલાયક ઉમેદવાર:-**

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થા ઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજી પત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

**૧૪. ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :-**

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશન માંથી ક્યારેય પણ  ફરજિયાત નિવૃત્તિ, રુખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજી પત્રકમાં તેની વિગત આપવાની રહેશે.

**૧૫. અગત્યની જોગવાઇઓ:-**

(૧) ઉપરની જગ્યા માટે નિમણૂક માટે ઉમેદવારો ની પસંદગી રૂબરૂ મુલાકાત યોજીને કરવામાં આવશે. વધુ અરજીઓને કારણે જ્યાં પ્રાથમિક કસોટી જરૂરી બનશે ત્યાં આવી કસોટી પછી જ તેના ગુણ ક્રમાનુસાર જરૂરી અરજીઓની ચકાસણી કરી ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટેની પાત્રતા નક્કી કરાશે. આ કસોટીનું માધ્યમ આયોગ અન્યથા નક્કી કરશે નહીં તો ગુજરાતી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વ ખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. પ્રાથમિક કસોટીમાં મેળવેલ ગુણ આખરી પસંદગી માટે ગણવામાં આવશે નહી.

(૨) રૂબરૂ મુલાકાતમાં આયોગની સુચનાઓ/ ધોરણો મુજબ જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીવાઈઝ જગ્યાની સંખ્યાને ધ્યાને લઈ, એક જગ્યા હોય તો ૦૬ ઉમેદવારો, બે જગ્યા હોય તો ૦૮ ઉમેદવારો, ત્રણ જગ્યાઓ હોય તો ૧૦ ઉમેદવારો અને ચાર કે તેથી વધુ જગ્યાઓ હોય તો તે સંખ્યાના 03 ગણા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવશે.

(૩ પ્રાથમિક કસોટીમાં ઉમેદવારને OMR Sheetમાં જવાબ આપવા માટે A, B, C, D અને E એમ પાંચ વિકલ્પ આપવામાં આવશે. પાંચમો વિકલ્પ E " Not attended "  તરીકેનો રહેશે. જો ઉમેદવારે તમામ વિકલ્પો ખાલી રાખ્યા હોય ( encode કર્યા ન હોય ) અથવા ખોટી જવાબ આપેલ હોય તો પ્રત્યેક નિશ્ચિત ગુણના 0.3 Negative marks કાપવામાં આવશે અને જો પાંચમો વિકલ્પ E " Not attended " એનકોડ કરેલ હોય તો "શૂન્ય " ગુણ કાપવાના રહેશે. અર્થાત માત્ર E " Not attended " વિકલ્પ જ વિકલ્પ encode કર્યો હશે તો તે પ્રશ્ન માટે કોઇ નેગેટીવ ગુણ કાપવામાં આવશે નહીં.

(૪) રૂબરૂ મુલાકાતમાં આયોગની સૂચનાઓ / ધોરણો મુજબ જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીવાઝ જગ્યાની સંખ્યાને ધ્યાને લઇ નીચે મુજબ અનુસરવાનું રહેશે:-

| કુલ જગ્યાઓ | કુલ જગ્યાઓ પૈકી રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવનાર ઉમેદવારોની સંખ્યા |
| --- | --- |
| ૦૧ | ૦૬ |
| ૦૨ | ૦૮ |
| 03 | ૧૦ |
| ૦૪ કે તેથી વધુ | કુલ જગ્યાઓથી 03 ગણા |

(૫) ઉપર્યુક્ત કોલમમાં દર્શાવેલ સંખ્યા પ્રમાણે રૂબરૂ મુલાકાત માટે બોલાવવાના થતા ઉમેદવારોમાં, જો કોઇ ઉમેદવારના પ્રાથમિક કસોટીમાં ૧૦% કે તેથી ઓછા ગુણ મેળવશે તો તેમને રૂબરૂ મુલાકાતને પાત્ર ગણવામાં આવશે નહી.

(૬) જાહેરાતમાં ઠરાવેલ લઘુતમ લાયકાત તેમજ અનુભવ કરતાં વધુ શૈક્ષણિક લાયકાત અને / અથવા વધુ અનુભવ અને/ અથવા લાયકાતમાં ઊંચી ટકાવારીને આધારે રૂબરૂ મુલાકાત માટે આયોગ ઉમેદવારોની સંખ્યા મર્યાદિત કરી શકશે.

(૭) સીધી ભરતી માટે રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી પસંદગી માટેનું લઘુતમ ધોરણ બિનઅનામત વર્ગ માટે ૫૦ ગુણ અને અનામત વર્ગના ઉમેદવારો માટે ૩૫ ગુણ રાખવામાં આવે છે. ઇન્ટર્વ્યુ કમિટી દ્વારા રૂબરૂ મુલાકાતમાં ઉમેદવારોના એકંદર દેખાવ ( Overall Performance) ને ધ્યાને લેવામાં આવશે અને ઇન્ટર્વ્યુ કમિટી ઇન્ટર્વ્યુ દરમિયાન ઉમેદવારના ( Overall Performance) ને ધ્યાને રાખીને ચર્ચા વિચારણા બાદ સર્વાનુમતે ગુણ અપાશે.

(૮) માજી સૈનિકો તથા શારીરિક અશક્ત ઉમેદવારોની જગ્યાઓ અનામત હોય ત્યારે સંબંધિત કેટેગરીના માજી સૈનિકો તથા શારીરિક અશક્ત ઉમેદવારો પૈકી જે ઉમેદવારો આ પ્રમાણેના લઘુતમ ગુણ મેળવતા હશે તેમને સંબંધિત કેટેગરીની અનામત જગ્યા સામે ગણવામાં આવશે. જો જાહેરાતમાં જણાવ્યા પ્રમાણેની આ કેટેગરીઓ માટે રાખવામાં આવેલ અનામત જગ્યાઓ માટે આલઘુત્તમ ગુણ મેળવત્તા ઉમેદવારો પ્રાપ્ત ન થાય કે પૂરતી સંખ્યામાં પ્રાપ્ત ન થાય તો સંબંધિત કેટેગરીના લઘુતમ ગુણના ૧૦% ધોરણ હળવું કરીને પસંદગી કરવામાં આવશે.

(૯) મહિલા ઉમેદવારો માટે લઘુતમ ગુણના ૧૦% ધોરણ હળવું કરીને પસંદગી પદ્ધતિ અનુસરવાની રહેશે અને રૂબરૂ મુલાકાત બાદ જે તે કેટેગરીના મહિલા ઉમેદવારો માટેની અનામત સંખ્યા જેટલા મહિલા ઉમેદવારોથી વધુ ઉમેદવારો ઉપલબ્ધ થાય તો ભલામણયાદીમાં મહિલા ઉમેદવારોનો સમાવેશ થયા બાદ બાકીના મહિલા ઉમેદવારોની પ્રતિક્ષાયાદીમાં પસંદગી ગણવામાં આવશે. આ જોગવાઇ મુજબ લઘુતમ લાયકીધોરણ આ મુજબ રહેશે. બિનાનામત વર્ગના મહિલા ઉમેદવારો માટે ૪૫ ગુણ તેમજ અનામત વર્ગના મહિલા ઉમેદવારો માટે ૩૧ ગુણ રાખવામાં આવશે.

**<u>૧૬. રૂબરૂ મુલાકાત:-</u>**

(૧) રૂબરૂ મુલાકાત આયોગની કચેરી ખાતે જ લેવામાં આવશે. ઉમેદવારે પોતાના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઉમેદવારો તથા બેરોજગાર ઉમેદવારો કે જેઓના માતા-પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ. ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસ ભાડું મળવા પાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનુ રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજુ કરવાની રહેશે.

(૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્ર રજુ કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

**<u>૧૭. નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે.</u>**<u>(આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)</u>

(૧) આયોગના ઓનલાઇન મુસદ્દા મુજબ અરજી કરેલ ન હોય.

(૨) અરજીમાં વિગતો અધૂરી કે અસંગત હોય.

(૩) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૪) અરજી ફેક્સથી અથવા ઈ-મેઇલ થી મોકલાવેલ હોય.

(૫) અરજીમાં પાસપોર્ટ સાઇઝનો ફોટો અપલોડ કરેલ ન હોય.

(૬) અરજી સાથે પૂરેપૂરી ફી ભરેલ ન હોય.

(૭) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારે અરજી પત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુક ની નકલ રજુ કરેલ ન હોય.

(૯) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય.

(૧૦) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ / પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૧૧) જન્મ તારીખ માટે એસ.એસ.સી. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૧૨) ઉમેદવારે અરજીપત્રકમાં અનુભવ દર્શાવેલ હોય ( જેના આધારે પાત્રતા નક્કી કરવાની થતી હોય) પરંતુ તેના સમર્થનમાં પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય અથવા રજુ કરેલ પ્રમાણપત્રમાં તેઓનો અનુભવનો સમયગાળો, મૂળ પગાર, કુલ પગાર અને અનુભવનો પ્રકાર દર્શાવેલ ન હોય તથા સંસ્થાના લેટરપેડ ઉપર ન હોય.

**<u>૧૮. નિમણૂક:-</u>**

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકારના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતા પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત /અનુભવ/ઉંમર વગેરે ના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલૂમ પડશે તો તેની ઉમેદવારો રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહીને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથી પૂર્ણ રીતે ખરાઇ કર્યા બાદ જ આયોગમાં રજુ કરવા.

## **૧૯. ગેર વર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂદ્ધ પગલાં:-**

ઉમેદવારો ને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજી પત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી, તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી, ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી, જો એક જ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઈ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઇ ઉમેદવાર
આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા,

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પૂર્ણ કરાવ્યુ હોય,

(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય,

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુક્ત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય,

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય,

(૮) ઉત્તરવહીમાં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,

(૯) પરીક્ષા ખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી, જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઈડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની ગેરરીતીઓ પૈકી કોઇપણ ગેરરીતિ આચરવા માટે,

(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુક્ત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઈજા પહોચાડવી, અથવા

(૧૧) ઉપરોક્ત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા તેણે પ્રયત્ન કર્યો હોય કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર

નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપો આપ ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે

(૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે, અને

(૨) રાજ્ય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂદ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

(૧૨) ઉપરોક્ત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને/કર્મચારીને

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું- હકીકત રજુ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજૂઆત કરવાની તક આપવામાં આવશે.

નોંધ: આયોગ સાથેના પત્રવ્યવહારમાં ઉમેદવારે તેઓના ફોરવર્ડીંગ પત્રમાં જગ્યાનું નામ, જાહેરાત ક્રમાંક / વર્ષ, તેઓની જન્મ તારીખ અને બેઠક ક્રમાંક / રૂબરૂ મુલાકાત ક્રમાંક આપેલ હોય તો તેની વિગત અચૂક દર્શાવવી.

(ડી.બી.શાહ)
સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

**Online તેમજ Downloaded અરજીઓ કરવાની તથા અરજી ફી ભરવાની રીત:-**

**આ જાહેરાતના સંદર્ભમાં આયોગ દ્વારા ઓન લાઈન જ અરજી સ્વીકારવામાં આવશે.** ઉમેદવાર તા:૨૩/૦૯/૨૦૧૫, ૧૩.૦૦ કલાકથી તા.૦૮/૧૦/૨૦૧૫, ૧૩.૦૦ કલાક સુધીમાં http://gpsc-ojas.guj.nic.in પર અરજીપત્રક ભરી શકશે. **ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના Steps (૧) થી (૧૯) અનુસરવાના રહેશે.Confirmation Number મળ્યા પછી જ અરજી માન્ય ગણાશે.**

(૧) સૌ પ્રથમ http://gpsc-ojas.guj.nic.in પર જવું.

(૨) Apply On line Click કરવું.

(૩) **સરકારી ઇજનેરી કોલેજો ખાતે જુદાં-જુદાં વિષયોના પ્રાધ્યાપક, ગુજરાત શિક્ષણ સેવા (કોલેજ શાખા) વર્ગ-૧** પર click કરવાથી જગ્યાની વિગતો મળશે.

(૪) તેની નીચે Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુંદડી (*)નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) 'Personal Details" માં જ્યાં Mobile Number અને email ID માંગ્યા છે, તેની વિગત લખવી જેથી જરૂર જણાયે આયોગ ઉમેદવારને માહિતગાર કરી શકે.

(૫) Personal Details ભરાયા બાદ Educational Details ભરવા માટે Educational Details પર click કરવું અને પોતાની શૈક્ષણિક વિગતો ઉમેરવી.

(૬) Additional Qualification પર "click" કરી Additional Qualification ભરવી.

(૭) Experience Details પર "click" કરવું અને Experience Details ભરવી. વધુ Experience ઉમેરવા માંગતા હોવ તો Add. More Exp. પર "click" કરી Details ભરવી.

(૮) Additional Information પર "click" કરી ત્યાં માહિતી ભરવી.જે વધારાનો અનુભવ ojas module માં સમાવિષ્ટ ન થતો હોય, તો સાદા કાગળ પર ojas માં જણાવ્યા મુજબના અનુભવના કોઠા પ્રમાણે આપે વધારાના અનુભવની વિગત ઉમેરીને મોકલવી.

(૯) તેની નીચે "Self-declaration" માં Yes / No પર click કરવું.

(૧૦) હવે save પર "click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં દર્શાવવાનો રહેશે.

(૧૧) જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો Edit Applicationમાં જઇને કરી શકાશે,આ સુવિધા અરજી Confirm કરતાં પહેલા ઉપલબ્ધ છે. એક વખત અરજી Confirm થઇ ગયા પછી/બાદ આ સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં.

(૧૨) હવે પેજના ઉપરના ભાગમાં upload photo પર click કરો અહીં તમારો Application Number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર click કરો અહીં photo અને signature upload કરવાના છે.(ફોટાનું માપ ૫ સે.મી.ઉંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઇ અને signature નું માપ ૨.૫ સે.મી.ઉંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઇ રાખવી) (photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature jpg Format

માં(10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) "Browse "Button પર click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open Button" ને click કરો હવે "Browse Button" ની બાજુમાં "Upload Button"પર Click કરો હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે.

(૧૩) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને "Application number" તથા Birth Date Type કર્યા બાદ Ok પર click કરવાથી બે (૨) બટન ૧: Application preview ૨: confirm application દેખાશે. ઉમેદવારે show Application preview પર click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર click કરીને સુધારો કરી લેવો. અરજી confirm કર્યા પહેલા કોઇપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ સુધારો થઇ શકશે નહીં. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ confirm application પર click કરવું. Confirm application પર click કરવાથી ઉમેદવારની અરજીનો આયોગમાં online સ્વીકાર થઈ જશે. અહીં "confirmation number" generate થશે જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirmation number સિવાય કોઇપણ પત્રવ્યવહાર કરી શકાશે નહીં.

(૧૪) સામાન્ય કેટેગરીના ઉમેદવારે ભરવાની અરજી ફી નીચેના બે વિકલ્પ પૈકી કોઇ પણ ભરી શકે છે:-

(૧) પોસ્ટ ઓફિસમાં :- સામાન્ય કેટેગરીના ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર કલીક કરીને confirmation number ટાઈપ કરવો અને print પર click કરી અરજીપત્રકની નકલ તથા પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ સાથે નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફિસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં આયોગની ફી રૂ.૧૦૦/- + પોસ્ટલ સર્વિસ ચાર્જ તા:૦૮/૧૦/૨૦૧૫ના રોજ ૧૩.૦૦ કલાક સુધીમાં ભરવાના રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક (ડાઉનલોડ કરેલું) ઉમેદવારે જરૂરી બધાજ પ્રમાણપત્રોની (જાહેરાતમાં દર્શાવેલ) સ્વયંપ્રમાણિત નકલ સહિત તથા ફી ભરેલા ચલણની નકલ સાથે રજિસ્ટર પો. એ. ડી. / સ્પીડ પોસ્ટથી અથવા રૂબરૂમાં આયોગની કચેરી ખાતે તા:**૦૮/૧૦/૨૦૧૫** થી કામકાજના સાત દિવસો અર્થાત **તા. ૧૭/૧૦/૨૦૧૫** સુધીમાં આપી જવાના રહેશે.

(૨) ઓનલાઇન ફી :- જમા કરાવવા માટે "Print Challan" ઉપર કલીક કરવું અને વિગતો ભરવી અને ત્યાં 'Online Payment of fee " ઉપર ક્લીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાંથી " Net Banking fee " અથવા " Other Payment Mode " ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઇ ગઇ છે, તેવું Screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે, જેની Print કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઇ ખામી હશે તો Screen પર આપની ફી ભરાયેલ નથી, તેમ જોવા મળશે.

આ ચલણ/ e-receipt તથા confirm થયેલ અરજીપત્રક (ડાઉનલોડ કરેલું) ઉમેદવારે જરૂરી બધાજ પ્રમાણપત્રોની (જાહેરાતમાં દર્શાવેલ) સ્વયંપ્રમાણિત નકલ સહિત આયોગને અરજી સ્વીકારવાની છેલ્લી **તારીખ:૦૮/૧૦/૨૦૧૫** થી કામકાજના સાત દિવસો અર્થાત **તા. ૧૭/૧૦/૨૦૧૫** સુધીમાં આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા આયોગની કચેરીમાં રૂબરૂમાં આપી જવાના રહેશે.

(૧૫) અનામત વર્ગના ઉમેદવારો તથા શારિરિક રીતે અશક્ત ઉમેદવારો (ફીમાંથી મુકિત અપાયેલ ઉમેદવારો) print Application પર click કરવું confirmation Number ટાઈપ કરવો અને print પર click કરી અરજીપત્રકની નકલ કાઢવાની રહેશે. confirm થયેલ અરજીપત્રક (ડાઉનલોડ કરેલું) ઉમેદવારે જરૂરી બધાજ પ્રમાણપત્રોની (જાહેરાતમાં દર્શાવેલ) સ્વયંપ્રમાણિત નકલ સહિત આયોગને અરજી સ્વીકારવાની છેલ્લી **તારીખ: તા.૦૮/૧૦/૨૦૧૫** થી કામકાજના સાત દિવસો અર્થાત **તા.૧૭/૧૦/૨૦૧૫** સુધીમાં આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા આયોગની કચેરીમાં રૂબરૂમાં આપી જવાના રહેશે.

(૧૬) જો અરજીમાં આપે મોબાઇલ નંબર આપેલ હશે તો અરજી confirm થયેથી તુરતજ આપને અરજીમાં દર્શાવેલ મોબાઇલ નંબર ઉપર SMS મળશે. આપના મોબાઇલ નંબર ઉપર આયોગ દ્વારા આ જાહેરાત સંદર્ભે SMS થી જાણ કરવામાં આવશે.

(૧૭) દરેક જાહેરાત માટે એક જ અરજી કરવી. આમ છતાંય, સંજોગોવસાત્ જો કોઇ ઉમેદવારે એકથી વધુ અરજી કરેલ હશે તો છેલ્લી કન્ફર્મ થયેલી અરજી, તેની સાથે નિયત ફી ભરેલ હશે તો, તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલ ફી છેલ્લી કન્ફર્મ થયેલી અરજી સાથે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલી અરજી સાથે નિયતફી ભરેલ નહીં હોય તો, આવા ઉમેદવારની નિયત ફી સાથે કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજીઓ સાથે ફી ભરેલ હશે તો તે રિફંડ કરવામાં આવશે નહીં.

(૧૮) **અરજી ફી** :

**(૧) સામાન્ય કેટેગરીના ઉમેદવારે પોસ્ટ ઓફિસમાંથી રૂા.૧૦૦/- આયોગની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ ભરવાનો રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે.**

**(૨) મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેતી નથી. પરંતુ ગુજરાત સિવાયના અન્ય રાજ્યના અનામત કક્ષાના ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવવી હોય તો, બિનઅનામત વર્ગના ઉમેદવાર તરીકે અરજી કરવાની રહેશે અને બિનઅનામત વર્ગ માટે નિયત થયેલ ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ ભરવાનો રહેશે.**

(૩) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. **ફી ભરેલ નહી હોય તેવા ઉમેદવારને કોઇ પણ સંજોગોમાં પ્રાથમિક કસોટી / રૂબરૂ મુલાકાતમાં બેસવા દેવામાં આવશે નહી**. આ ફી ફક્ત પોસ્ટ ઓફીસ દ્વારા જ સ્વીકારવામાં આવશે, **આયોગની કચેરી ખાતે રોકડમાં, ડીમાન્ડ ડ્રાફ્ટ, ઇન્ડીયન પોસ્ટલ ઓર્ડર કે પે ઓર્ડરના સ્વરૂપમાં આ ફી સ્વીકારવામાં આવશે નહી. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.**

(૧૯) <u>ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઇ ઉમેદવાર, આ જગ્યાના ભરતી નિયમો, તથા જાહેરાતની જોગવાઇઓ મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઇ પણ તબક્કે રદ કરવામાં આવશે.</u>

<u>નોંધ</u> : (૧) સરકારી ઇજનેરી કોલેજો ખાતે જુદાં-જુદાં વિષયોના પ્રાધ્યાપક, ગુજરાત શિક્ષણ સેવા (કોલેજ શાખા) વર્ગ-૧ ભરતી નિયમો, અરજીપત્રક સાથે જોડવાના આવશ્યક પ્રમાણપત્રોની નકલ, વય મર્યાદામાં છૂટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો, પરિશિષ્ટ-'ક' (ગુજરાતી)નો નમૂનો, સરકારી કર્મચારીએ રજૂ કરવાના ના-વાંધા પ્રમાણપત્રનો નમૂનો, પ્રાથમિક કસોટીનો અભ્યાસક્રમ અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટિસ બોર્ડ અને આયોગની વેબસાઇટ www.gpsc.gujarat.gov.in ઉપર જોવા મળશે. વેબસાઇટની વિગતો જોયા વિના ઉમેદવાર અરજી કરશે અને અરજીમાં કોઇ માહિતી/વિગતો આપવામાં આવશે નહીં કે અધુરી આપવામાં આવશે કે જાહેરાતને સૂચનાઓ મુજબઆપવામાં આવશે નહીં તો તેની જવાબદારી જે તે ઉમેદવારની રહેશે અને આ અંગે પાછળથી કોઇ રજૂઆત કે ફરિયાદ આયોગ દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

(૨) આયોગ સાથેના પત્રવ્યવહારમાં ઉમેદવારે તેઓના ફોરવર્ડિંગ પત્રમાં જગ્યાનું નામ, જાહેરાત ક્રમાંક/વર્ષ, તેઓની જન્મ તારીખ અને બેઠક ક્રમાંક/રૂબરૂ મુલાકાતનો ક્રમાંક (આપેલ હોય તો) તેની વિગત અવશ્ય દર્શાવવી.

(ડી.બી.શાહ)
સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

તા.૨૩/૦૯/૨૦૧૫